ઉમરપાડાના મે. પ્રિન્સિપાલ જ્યુ.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ઉમરપાડા

ક્રિ.કે.નં.:-૪૮૮/૨૦૨૩

ફરીયાદી:- શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી:- (૧) વસાવા ગુલાબસીંગભાઈ સુરજીભાઈ,ઉ.વ.૭૪,**

રહે.બરડીપાડા ગામ, પટેલ ફળીયું,તા.ઉમરપાડા,જી.સુરત.

**ગુનો- ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ-૧૩૫(૧) એ,** મુજબ..

**-:: આંક-૦૧ લગત હુકમ ::-**

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદી વીજ કંપનીના ગ્રાહક હોઈ રૂા.૪૭૧૯.૪૬/- ની ચોરી કરતાં પકડાઈ જઈ તેમ કરી ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ-૧૩૫(૧)એ, મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ હોય, જે અંગેનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

૨. ત્યારબાદ સદરહુ ચાર્જશીટ જોઈ તપાસી તેને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ વંચાણે લેતાં આરોપીએ ફરીયાદી વીજ કંપનીમાં વીજ ચોરીની રકમ ભરપાઈ કરી દીધેલ હોય જેથી તેઓની સામે કેસ કાર્યવાહી માંડવાળ કરતો રીપોર્ટ રજુ રાખેલ છે. તેથી કેસના તમામ સંજોગો લક્ષમાં લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

હાલનો રીપોર્ટ આથી મંજુર રાખવામાં આવે છે તેમજ હાલનો કેસ આજરોજ નેશનલ લોકઅદાલતમાં ફેસલ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૦૯ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ નેશનલ લોકઅદાલતમાં કર્યો.

તારીખ: ૦૯/૦૯/૨૦૨૩

સ્થળ:ઉમરપાડા

(ખાંટ યોગેશકુમાર કાભઈભાઈ)

પ્રિન્સિપાલ જ્યુ.મેજી.ફ.ક. ઉમરપાડા

(કોડ નં.૦૧૪૫૮)